## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૩૧/૦૭/૨૦૨૨ થી તા. ૦૬/૦૮/૨૦૨૨ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

**(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૪૯/૨૦૨૨ તા.૩૧/૦૭/૨૦૨૨ :-**

તા-૩૧/૦૭/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ નાઇટ રાઉંડ ડ્યુટીમાં હાજર હતા તે વખતે પ્લે નં ૧ ના છેડા ઉપર એક બાળકી એકલી બેસેલ જોવામા આવતા તેને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ નેહા ડો/ઓ અજીતકુમાર ઉ. વ. ૧૭ ધંધો અભાસ રહે ગામ બગહી સંઘતી જીલ્લો ચંદૌલ રાજ્ય ઉત્તરપ્રદેશ વાળી જણાવે છે કે તે તા ૩૦/૦૭/૨૨ ના રોજ તેના ગામનો છોકરો નામે રોહીત સાથે પ્રેમ સબંધ હોય તેની સાથે ફોન ઉપર વાતચીત કરતી હતી અને રોહીત બેંગ્લોરમાં નોકરી કરતો હોય તેને હુ ફોન ઉપર જણાવેલ કે મારા માતાપિતાને ખબર પડી ગયેલ છે તેવુ જણાવતી હોય જે વાતચીત દરમ્યાન બાળકીના પિતાજી આવી જતા માતાપિતાએ તેને ઠપકો આપતા અને માર મારતા ઘરેથી કોઇને પણ જાણ કર્યા વગર તા ૩૦/૦૭/૨૨ ના રોજ મુગલીસરા રેલ્વે સ્ટેશન આવી બેંગ્લોર જવા સારૂ નિકળેલ પરંતુ તેને ટ્રેનની ખબર ન પડતા તે સુરત આવતી ટ્રેનમાં બેસી સુરત ઉતરી બેંગ્લોર જવાનુ હોવાથી ટ્રેનની પુછપરછ કરતી હતી તેમ જણાવતા તેની પસેથી તેના વાલીવારસોનો સંપર્ક નંબર મેળવી તેના પિતાનામો નં ઉપર સંપર્ક કરી જાણ કરતા તેઓ જણાવેલ કે તેઓ સદર બાળકીને લેવા આવનાર હોય જેથી સદર બાળકીના વાલીવારસો ન આવે ત્યા સુધી તેને અસ્થાઇ આશ્રય માટે ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ રામનગર રાંદેર સુરત ખાતે મુકવામા આવેલ. બાદ તા ૦૧/૦૮/૨૨ ના રોજ સદર બાળકીના માતાપિતા સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા બાળકીને ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ રામનગર રાંદેર ખાતેથી મેળવી તેઓના નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકીનો કબ્જો તેના માતાપિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે

**(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૨૭/૨૦૨૨ તા.૦૧/૦૮/૨૦૨૨ :-**

તા-૦૧/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમાં મીસીગ તુમારી કામ કરતા હાજર હતા તે વખતે ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે રંજનબેન સોલંકી તથા અસ્મીતા મુનિયા નાઓને રેલ્વે ટી.ટી નાઓએ એક બાળકી સોપી ગયેલ તેને સુરત રે.પો.સ્ટે.મા લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેને સદર બાળકીનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ મમતા ડો/ઓ તુલા જાતે યાદવ ઉ. વ. ૧૫ રહે ન્યુ માર્કેટ શાપુરા ભોપાલ રાજ્ય મધ્યપ્રદેશ વાળી તા ૩૧/૦૭/૨૨ ના સાંજના તેના કાકાના ઘરે જવા સારૂ ઘરે કોઇને પણ જાણ કર્યા વગર તેના કાકા છત્તીસગઢ રહેતા હોય તેઓના ઘરે જતી હતી તે દરમ્યાન ટ્રેનના ટી.ટી એ ટીકીટ માગતા નહી હોવાથી અને તેની સાથે કોઇ ન હોવાથી તે ઘરેથી ભાગી આવેલ હોવાનુ જણાવતા તેને સુરત રેલ્વે સ્ટેશન ચાઇલ્ડ લાઇન ટીમના સભ્યોને સોપતા તેની પુછપરછ કરી સદર બાળકીના જણાવેલ સરનામે શાપુર પોલીસ સ્ટેશન ભોપાલ નાઓના પોલીસ ઇન્સ્પેકટર નાઓના મો નં ઉપર સંપર્ક કરી જાણ કરતા તેઓએ જણાવેલ કે, સદર બાળકીની માતા અનિતા પ્રજાપતીએ અત્રેના પોલીસ સ્ટેશનમાં તેઓની દિકરી ગુમ થયા અંગેની ફરીયાદ કરવા આવેલ હોય જેથી સદર બાળકીના માતા સાથે પુછપરછ કરી તેઓ સુરત લેવા આવનાર હોય જેથી સદર બાળકીના વાલીવારસો ન આવે ત્યા સુધી તેને ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ રામનગર રાદેર ખાતે મુકવામા આવેલ. બાદ ભોપાલ મધ્યપ્રદેશ શાપુરા પોલીસ સ્ટેશન ના.હે.કો. તથા બાળકીની માતા સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા શાપુર પો.સ્ટે.મા નોંધાયેલ ગુનાની એફ.આઇ આર તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકીને ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ રામનગર રાદેર ખાતેથી મેળવી સદર બાળકીનો કબ્જો શાપુરા પો.સ્ટે.ના હે.કો. તથા બાળકીના માતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામા આવેલ છે

**(3) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૯/૨૦૨૨ તા.૦૨/૦૮/૨૦૨૨ :-**

તા-૦૨/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે રીયા પટેલ નાઓ સાથે હાજર હતા તે વખતે પ્લેટફોર્મના વેઇટીંગ હોલ પાસે એક બાળકી એકલી બેસેલ જોવામા આવતા તેની પુછપરછ કરતા તેને જણાવેલ કે મારા માતા-પિતા દિલ્હી રહે છે અને મારી મોટી બહેન સાયણ રહે છે હુ તેનાઘરે એક મહીના પહેલા આવેલ હતી આજે સવારે મારી બહેન સાથે ઝગડો થતા મને ગુસ્સો આવતા તેઓના ઘરેથી જાણ કર્યાવગર બસમાં બેસી સુરત આવેલ અને સુરત રેલ્વે સ્ટેશન થી ટ્રેન માં બેસી દિલ્હી જવાનીસ જણાવતી હોય જેથી બાળકીને લઇ પોલીસ સ્ટેશન આવી પોલીસ ઇંસ્પેકટરશ્રી સુરત રે.પો.સ્ટે. નાઓને હકીકત જણાવતા તેઓએ બાળકીનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ લક્ષ્મી ડૉ/ઓ શોભારામ તોલી ઉ. વ. ૧૫ ધંધો ઘરકામ રહે ઇ/૫૭, આઇ/૩૭૭ ઝુગ્ગુ સુંદર નગરી નોર્થ ઇસ્ટ દિલ્હી હાલ રહે ગાયત્રીનગર સોસાયટી સાયણ સુરત વાળી હોવાનુ જણાવતા સદર બાળકીને સાથે રાખી તેના જણાવેલ સરનામે વુ.એ.એસ.આઇ. મનીષાબેન તથા...

...વુ.પો કોં જલ્પાબેન માધાભાઇ બ. ન. ૮૯૪ તથા ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે રીયા પટેલ નાઓ સાયણના સરનામે જઇ તપાસ કરતા સદર બાળકીની મોટી બહેન નામે અંજલી વા/ઓ સોનુ જાતે યાદવ ઉ.વ. ૨૫ ધંધો ઘરકામ રહે હાલ ગાયત્રીનગર સોસાયટી સાયણ સુરત વાળી હાજર મળી આવતા તેઓનુ નિવદેન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર બાળકીનો કબજો તેની મોટી બહેનને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(૪) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૬/૨૦૨૨ તા.૦૬/૦૮/૨૦૨૨ :-**

તા-૦૬/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે અસ્મીતા મુનિયા તથા રંજનબેન સોલંકી નાઓ સાથે પ્લે નં ૪ ઉપર હાજર હતા તે વખતે એક બાળક એકલો જોવામા આવતા તેના વાલીવારસો વિશે પુછતા તે જણાવે કે તે ઝારખંડનો રહેવાસી છે અને વાપી કચ્છી ગામમાં મજુરી કામ કરવાઆવેલ હતો અને ત્રણ મહીના કામ કરી સદર બાળકને પગાર ન આપતા તે કચ્છી ગામથી સુરત આવેલ અને પરત વતન જવાનુ જણાવતો હોય તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નુ નામ સાહિલ સ/ઓ રાજીવ જાતે ગુપ્તા ઉ.વ. ૧૪ ધંધો મજુરી રહે મુળ ગામ દેવધરા રોહિણી નગર થાના ધનબાદ રાજ્ય ઝારખંડ વાળો હોવાનુ અને તેને તેના માતાપિતાના સંપર્ક નંબર યાદ ન હોવાનુ જણાવતા સદર બાળકના વાલીવારસો ન આવે ત્યા સુધી તેને વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામાં આવેલ. જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(૫) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૬/૨૦૨૨ તા.૦૬/૦૮/૨૦૨૨ :-**

તા-૦૬/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રે.સ્ટે. ઉપર હાજર હતા તે વખતે એક મહિલા એકલી જોવામાં આવતા તેની પુછપરછ કરતા જણાવેલ કે તા ૦૫/૦૮/૨૨ ના રોજ સાંજના મારા પતિના ઘરેથી કોઇને પણ જાણ કર્યા વગર નિકળી આવેલ હતી જે બાબતે તેને પુછપરછ કરતા જણાવે છે કે હુ માનસિક બીમારીથી પિડાઉં છુ અને અવાર નવાર મને આવી તકલીફ થતી હોય છે જેથી હુ ઘરેથી ભાગી આવેલ હોવાનુ જણાવતા તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ પ્રાજક્તા વા/ઓ અરવિદ જાતે તેજાણી ઉ.વ. ૩૦ ધંધો ઘરકામ રહે ભક્તીધારા રેસીડંસી ઘર ૩૦૨ એચ બિલ્ડીગ ગોથાણ રોડ સાયણગામ સુરત વળી હોવાનુ જણાવેલ અને તેની પસેથી તેના પતિનો સંપર્ક નંબર મેળવી જાણ કરતા તેઓ જણાવે છે કે મારી પત્ની માનસીક અસ્વસ્થ હોવાથી બે ત્રણ વખત ઘરેથી નિકળી ગયેલ છે અને આજથી એકાદ મહીના પહેલા પણ તેને હુ કામરેજ પોલીસ સ્ટેશનથી ઘરે લઇ ગયેલ હતો અને ગઇ કાલ હુ નોકરી ઉપર ગયેલ તે વખતે તે ઘરે એકલી હતી અને તે સાંજના ઘરે આવતા ઘરમા તેની પત્ની મળી આવેલ નહી ત્યાર બાદ આજુબાજુ તપાસ કરતા મળી આવેલ નહી તેમ જણાવતા તેઓ સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમાં લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર મહિલાનો કબજો તેના પતિ નામે અરવિદભાઇ મધાભાઇ જાતે તેજાણી ઉ.વ.૩૦ ધંધો હિરાબજારમાં મજુરી રહે સદર વાળાને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(૬) સુરત રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૫૧૨ ૨૦૮૨૧/૨૨ NDPS Act, કલમ. ૮(સી), ૨૦ (બી-ii( મુજબ તા. ૦૫/૦૮/૨૦૨૨ :-**

સુરત રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૫૧૨ ૨૦૮૨૧/૨૨ NDPS Act, કલમ. ૮(સી), ૨૦ (બી-ii( મુજબના ગુનામાં તા.૦૫/૦૮/૨૨ ના કલાક-૦૪/૦૦ વાગે મઢી રે.સ્ટે. પસાર થયા બાદ પુરી અમદાવાદ એક્સ ટ્રેનના પાછળના ભાગે આવેલ બે જનરલ કોચના કોરીડોર વચ્ચે રનીંગ ટ્રેનમા કોઇ અજાણ્યા ઇસમે પોતાના આર્થિક લાભ માટે ૧૪.૦૭૬ કીલોગ્રામ ગાંજો કિં.રૂા. ૧,૪૦,૭૬૦/- ત્રણ બેગ પેક કિં.રૂા. ૩૦૦/- પેકીંગ મટીરીયલ કિં.રૂા. ૦૦/૦૦ મળી કુલ કિં.રૂા. ૧,૪૧,૦૬૦/- નો આયાત કરી પોલીસમા પકડાઇ જવાના ડરે ગાંજાનો જથ્થો બિનવારસી હાલતમા છોડી નાસી ગયેલ જે મળી આવતા ઉપરોકત નંબર, કલમથી ગુનો રજીસ્ટર કરવામા આવેલ છે.

**"પોલીસ અધિક્ષકશ્રીની આજ્ઞાનુસાર "**

Sd/-
(એસ.ડી. ભટ્ટ)
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા